(પૂર્વાચાર્યનો એક પ્રસંગ)

# બે શરતો

—શ્રી પૂનમચંદ નાગરદાસ દોશી

'અલ્યા ? જોયા આ સાધુ ? લાગે છે તો જૈન સાધુ. હાથમાં દાંડો અને ઓઘો પણ છે; પરંતુ કચ્છ ભીડીને ધોતી કેમ પહેરી છે ?'

'હા, હા, પાસે જઈને ધોતી ખેંચી લઈએ તો મજા પડે.' એક ટીખળી છોકરો બોલી ઊઠયો.

'ના, ના, એમ તો ન થાય. કોઈ જોઈ જશે તો આપણને લડશે.' ત્રીજો છોકરો તેને સમજાવવા માંડયો.

'લડયા હવે. તું તો બીકણુ જ રહ્યો. જો હું ખેંચું છું હોં !' એમ કહી મુનિરાજની પાછળથી પાટલીનો છેડો ખેંચી લીધો.

'હા–હા, હી–હી, હી–હી' બધા છોકરાઓ ખડખડાટ હસવા લાગ્યા. અવાજ સાંભળીને પાછળ આવતા બીજા મુનિરાજો દોડી આવ્યા અને સાથે લાવેલ વસ્ત્રનો ટુકડો તરત જ તે મુનિની કમરે વીંટી દીધો. મુનિએ સમય વિચારી જરા ય આનાકાની ન કરી અને સર્વે આગળ ચાલ્યા.

મુનિરાજના હાથમાં હતો એક નિશ્ચેતન દેહ; અને તેને અગ્નિદાહ આપવા સૌ જઈ રહ્યા હતા. પાછળ હતો શ્રાવક–શ્રાવિકગણ.

આચાર્યશ્રીએ ઉપાશ્રયમાં કહેલું : "આ મુનિરાજ મહાન તપસ્વી હતા, તેથી તેમના મૃતદેહને જે જાતે ઉપાડે, તે પ્રભાવે મહાપુણ્યના અધિકારી બનશે. પણ આ મૃતદેહ ઉપાડયા પછી આપથી ક્યાંયે રસ્તામાં મૂકી શકાશે નહીં."

બધા સાધુઓ ગુરુદેવની વાણી સત્ય માની તે કામ માટે પડાપડી કરવા લાગ્યા. ત્યારે આ મુનિરાજે તે બધાની વચ્ચે જઈને પોતે તે લાભ લેવાની ઇચ્છા પ્રદર્શિત કરી અને આચાર્યશ્રીએ તેમાં શુભ સંકેત નિહાળી તેમને આ મૃતદેહ લઈ જવાની આજ્ઞા આપી. તેથી તેઓ મૃતદેહ ખભે ઉપાડી સૌથી આગળ ચાલવા લાગ્યા. તેમની ઉતાવળી ચાલ હોવાથી તેઓ બધાથી આગળ નીકળી ગયા અને ઉપરનો બનાવ બની ગયો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યશ્રી ભવિષ્યજ્ઞાની હોવાથી તેમણે પાછળના મુનિરાજને ચોળપટ્ટો સાથે રાખવાનું ફરમાન કરેલ હતું. એટલે તેઓ વધારાનું કપડું લઈને નીકળ્યા હતા.

આ બનાવ પાછળ પણ કોઈ ઈશ્વરીય સંકેત હશે. તે સાથે એક સાધુને સત્યજ્ઞાન આપવાની આચાર્યશ્રીની યોજના હતી.

આચાર્યશ્રી જાતિના બ્રાહ્મણ હતા. બાલવયથી જ કાશીથી સંપૂર્ણ વિદ્યાપ્રાપ્તિ કરી આવતાં તેઓ રાજા–પ્રજાના માનનીય બન્યા હતા. પણ માતાને જૈનાગમ દૃષ્ટિવાદના જ્ઞાન વિનાનું બધું જ્ઞાન અપૂર્ણ જણાયું, એટલે માતૃભક્ત બાળક માતાની આજ્ઞા પ્રમાણે તે સમયના તોસલિપુત્ર નામના જૈન આચાર્ય પાસે જઈ જૈન સાધુ બની ગયા, અને નવ–પૂર્વ પર્યંત તેમણે અભ્યાસ કર્યો. ત્યાર બાદ ગુરુએ તેમને આચાર્ય બનાવ્યા.

ઘણો સમય થયા છતાં ભાઈ પાછો ન આવવાથી તેમનો નાનો ભાઈ તેમને બોલાવવા ગયો, અને તે ત્યાં જ દીક્ષા લઈ મુનિસમાજમાં ભળી ગયો. ત્યાર બાદ તેમના પિતા સોમચંદ પુત્રને બોલાવવા આવ્યા, પરંતુ તેમના જ્ઞાનવૈભવમાં અંજાઈને તે પણ સાધુ બનવા તૈયાર થયા. પણ તે પહેલાં તેમણે બે શરતો રજૂ કરી: (૧) હું ગામમાં ભિક્ષા માગવા માટે જઈશ નહિ. (૨) હું ચોળપટ્ટો નહીં પહેરું પણ ધોતી પહેરીશ. અને આચાર્યદેવશ્રીએ તેમાં પણ તેમનું કલ્યાણ જોઈ આ શરતો[૧] સાથે દીક્ષા આપી.

આચાર્યશ્રીના સાંસારિક પિતા એટલે આપણા યે પિતા ગણાય, એમ માનીને અન્ય સાધુઓ તેમને ભિક્ષા માટે ન મોકલતા, અને રોજ ભિક્ષા લઇ આવીને તેમની સેવા કરતા હતા. એક સમયે આચાર્યશ્રીને થોડોક સમય બહાર જવાનું થવાથી તેઓ પોતાના પિતાશ્રીને બીજા સાધુઓને ભરોસે મૂકીને ગયા. પણ પાછળથી તેમના ખોરાકમાં તકલીફ પડવાતી તેમણે જાતે જ ભિક્ષા માટે નીકળવાની શરૂઆત કરી દીધી. આમ એક શરત તો સહેજે રદ થઈ.

બીજી શરત માટેનો સમય આવવાની રાહ જોવાતી હતી. ત્યાં સમુદાયમાં એક મહા-તપસ્વી સાધુના કાળધર્મ થવાથી તેમા મૃતદેહને અગ્નિદાહ દેવાની બાબતમાં આચાર્યશ્રીની અદ્ભુત યુક્તિ કામયાબ નીવડી અને તે મુનિરાજના મૃતદેહને લઇ જતા હતા; ત્યાં બાળકોના ટીખળથી ધોતી તજાઈ ગઈ અને તેમણે ચોળપટ્ટો ધારણ કરી લીધો. આમ બીજી શરત પણ પ્રસંગવશાત્ રદ થઇ ગઇ. સોમચંદ મુનિ સાધુધર્મમાં સંપૂર્ણપણે સ્થિર થયા.

૧. ક્યાંક પાંચ શરતોની નોંધ મળે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાળ વીત્યે આચાર્યશ્રીની માતાએ પણ દીક્ષા લઇને જીવન સાર્થક કર્યું. આમ આખું કુટુંબ આ ભવવમળની ગૂંચોમાંથી નીકળી પરમાત્માના સિદ્ધિસ્થાનને મેળવવા માટેની ઉત્કટ સાધના પાછળ ઘેલું બન્યું.

અપૂર્વ જ્ઞાની આચાર્ય મહારાજે શિષ્યોને સમજાવી શકાય અને તેઓ તૈયાર કરી શકે તે રીતે પોતાના પૂર્વજ્ઞાનમાંથી દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ, અને ધર્મકથાનુયોગ એમ ચાર વિભાગમાં સમાવી સરળ રચના કરી દીધી.

એ જૈન સિતારો અનેક ભવ્ય જીવોનો ઉદ્ધાર કરીને આત્મકલ્યાણ સાધી ગયો. વંદન હો એ આચાર્યદેવને!

આ આચાર્યદેવ એટલે જૈન ધર્મના મહારથી એવા શ્રી આર્યરક્ષિતસૂરિ* અને એ મુનિરાજ શ્રી સોમચંદજી!

એ વિરલ વિભૂતિઓને વંદના!

---

* જૈન ઇતિહાસમાં આર્યરક્ષિતસૂરિ નામક બે મહાન ઐતિહાસિક જૈનાચાર્યો પ્રસિદ્ધ છે. એક તો ચાર અનુયોગોને વિભક્ત કરનાર આ લેખોક્ત આચાર્યશ્રી અને બીજા—જેમની સ્મૃતિ નિમિત્તે આ ગ્રંથ પ્રસિદ્ધ થાય છે, તે અંચલ (વિધિપક્ષ) ગચ્છ પ્રવર્તક ૪૭ મા પટ્ટધર આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરિ.

— સંપાદક

---

ભગવાન મહાવીરનું નામ આ સમયે જો કોઇપણ સિદ્ધાંત સારૂં જાતું હોય તો તે અહિંસા છે. કોઇ પણ ધર્મની શ્રેષ્ઠતા એ વાતમાં રહે છે કે, તે ધર્મમાં અહિંસા તત્ત્વની પ્રધાનતા હોય. અહિંસા તત્ત્વને જો કોઇએ વધારેમાં વધારે વિકસાવ્યું હોય તો તે ભગવાન મહાવીર સ્વામી છે. — ગાંધીજી

ભગવાન મહાવીરને 'જિન' અર્થાત્ વિજેતાનું પદ પ્રાપ્ત થયું હતું. એ માટે તેમણે ન તો કોઈ દેશ જીત્યો હતો કે ન તો કોઈ યુદ્ધ લડયા હતા. પરંતુ તેમણે પોતાની આંતરવૃત્તિઓ સાથે સંગ્રામ ખેલી પોતાની જાત ઉપર વિજય પ્રાપ્ત કર્યો હતો.

ભગવાન મહાવીર આપણી સામે એક એવા આદર્શરૂપે છે, જેમણે સંસારના બધા પદાર્થોનો પરિત્યાગ કરી ભૌતિક બંધનોથી છુટકારો મેળવ્યો. આ રીતે, તેઓ આત્મતત્ત્વના ઉત્કર્ષ માટેનો અનુભવ મેળવવામાં વિજયી બન્યા હતા.

આ દેશ, તેના ઇતિહાસના પ્રારંભથી તે આજ સુધી આ આદર્શ પર ખડો છે.

— સર્વપલ્લી રાધાકૃષ્ણન્

---



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org